# શ્રાવણિયા સોમવારે શિવાલયો હરહર મહાદેવથી ગૂંજી ઉઠ્યા

## ઠેર ઠેર શિવાલયોમાં દર્શન અને અભિષેક માટે લાઈનો લાગી : શિવ મંદિરો ઘંટનાદ સાથે ઓમ નમઃ શિવાયના જાપ અને મહા મૃત્યુંજય મંત્રના ઉચ્ચારણથી ગુંજી ઉઠ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં આજે પાવનકારી શ્રાવણ માસના પ્રથમ સોમવારે ભાવિક ભક્તો વહેલી સવારથી શિવાલયોમાં ઉમટી પડ્યા હતા. નગરના શિવમંદિરો સતત ઘંટનાદ તેમજ ઓમ નમઃ શિવાયના મંત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યા હતા. શ્રદ્ધાળુઓએ ભગવાન ભોળાનાથની ફૂલ, અબીલ-ગુલાલ અને બિલીપત્ર ચઢાવી પૂજા કરી હતી અને શિવલીંગ પર દૂધ અને જળથી અભિષેક કર્યો હતો.


(તસવીર : દિપક જાની)

શહેરના શિવાલયોમાં વહેલી સવારથી જામેલી શ્રદ્ધાળુઓની ભીડમાં સતત હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાય ઉપરાંત મહામૃત્યુજય મંત્રનો જાપ સાંભળવા મળતો હતો. અબાલવૃદ્ધ સૌ કોઈ જેમાં ખાસ કરીને મહિલાઓનો સમાવેશ થાય છે, તમામ ભાવિકોએ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક મહાદેવજીની આરાધના કરી હતી અને સોમવારનો ઉપવાસ કર્યો હતો. ઘણા ભક્તોએ શિવજીને ફળો અને અન્ય સામગ્રી અર્પણ કરી હતી. અને શિવલીંગની પ્રદક્ષિણા કરી હતી. સેક્ટર-૨૨માં પૌરાણિક પંચદેવ મંદિર ખાતે સવારથી જ ભક્તો ઉમટી પડ્યા હતા અને દર્શન માટે લાંબી લાઈનો લાગી હતી. સેક્ટર-૨૧માં ચ-૬ કોર્નર પાસે આવેલ પ્રસિદ્ધ વૈજનાથ માલણેશ્વર મહાદેવ ખાતે શિવલીંગને ફૂલોથી સજાવવામાં આવ્યું હતું અને ભક્તોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં શિવ-આરાધનામાં ભાગ લીધો હતો.



● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમાર્ગો પર વૃક્ષોનું ટ્રીમીંગ



(તસવીર : કશ્યપ નિમાવત)

## મુખ્યમાર્ગો આસપાસથી ૨૦૦ વૃક્ષોની નમી ગયેલી ડાળીઓ દૂર કરાઈ

ગાંધીનગર, તા.૨૮

ચોમાસા દરમિયાન શહેરના મુખ્ય માર્ગની આસપાસ નડતર રૂપ થતા વૃક્ષોનું ટ્રીમીંગ કરી દેવાયું છે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત ૨૦૦ જેટલા વૃક્ષોની ભયજનક ડાળીઓ દૂર કરી જરુરી ટ્રીમીંગની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે.

હરિયાળા ગાંધીનગરમાં ચોમાસા દરમિયાન વૃક્ષોની વનરાજી વિશેષ રૂપે નિખરી ઉઠે છે ત્યારે ભારે વરસાદના સંજોગોમાં દર વર્ષે સંખ્યાબંધ વૃક્ષો જમીનદોસ્ત થાય છે. આવી સ્થિતિમાં નમી ગયેલા વૃક્ષો કયારેક જાન લેવા અકસ્માતનું કારણ બને છે. બે વર્ષ પૂર્વે પણ ચ-માર્ગ પર વૃક્ષ ધરાશાયી થવાના લીધે બાઈક ચાલક યુવાનનું મોત નિપજયું હતું. શહેરના આંતરિક રસ્તાઓ ઉપરાંત મુખ્ય માર્ગો આસપાસ પણ કતારબધ્ધ રીતે વૃક્ષોનું અસ્તિત્વ હોવાથી વન વિભાગ દ્વારા છેલ્લા એક સપ્તાહથી આવા વૃક્ષોનું ટ્રીમીંગ તેમજ નમી પડેલી ડાળીઓ દૂર કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. વન વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ય થતી માહિતી અનુસાર શહેરના ઘ, ચ, ગ અને ખ માર્ગ સહીતના રસ્તાઓની આસપાસ વૃક્ષોની નમી ગયેલી ડાળીઓ દૂર કરી દેવાઈ છે. અંદાજિત ૨૦૦ જેટલા વૃક્ષોનું ટ્રીમીંગ કરી દેવાયું છે. જો કે આ ઝુંબેશ દરમિયાન માત્ર નમી ગયેલી અને પ્રાથમિક દ્રષ્ટિએ ભયજનક લાગતી ડાળીઓ જ કાપવામાં આવી છે. આગામી દિવસોમાં બાકી રહેલા વિસ્તારમાં પણ આ કામગીરી પૂર્ણ કરી દેવાશે.

## વૃક્ષારોપણને અનુલક્ષી વન ચેતના કેન્દ્ર ખાતે બેઠક યોજાઈ

ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે આગામી તા. ૨ ઓગષ્ટના રોજ ઠેર ઠેર વૃક્ષારોપણના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે આ દિવસે જિલ્લા કક્ષાના વનમહોત્સવની ઉજવણી પણ કરવામાં આવનાર છે.જે અન્વયે સેકટરોમાં ઊંટલારી મારફતે વિવિધ રોપાઓનું વિતરણ પણ કરવામાં આવશે. રોપા વિતરણના આયોજનને અનુલક્ષી આજે વનચેતના કેન્દ્ર ખાતે એન.જી.ઓ.ના પ્રતિનિધિઓ સાથે પણ બેઠક યોજવામાં આવી હતી. રોપા વિતરણની કામગીરીમાં સંસ્થાઓનો પણ સહયોગ લેવામાં આવશે. જયારે બપોર બાદ સે-૧ થી ૩૦ સેકટરમાં પ્લાનટેશનની કામગીરી હાથ ધરવાનો પણ નિર્ણય લેવાયો હતો.

# મધ્યાહન ભોજન કર્મચારીઓની રેલી

## આત્મવિલોપનની ચિમકી : 'બે'ની અટકાયત : જૂની માંગણીઓ ઉકેલવાની માંગ સાથે ઘ-૦ થી ઘ-૩ વિશાળ રેલી યોજાઈ



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ દ્વારા આજે પડતર પ્રશ્નોને અનુલક્ષી ઘ-૦ થી ઘ-૩ વિશાળ રેલી યોજવામાં આવી હતી. પગાર-વય નિવૃત્તિ મર્યાદા વધારાની માંગ ઉપરાંત એન.જી.ઓને દૂર કરવા સહીતના પ્રશ્નો સંદર્ભે કર્મચારીઓના પ્રતિનિધિ મંડળે સરકારને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. જયારે સત્યાગ્રહ છાવણી ખાતે યોજાયેલી સભા દરમિયાન કર્મચારી મહામંડળની માંગણીઓ નહીં સંતોષાય તો આત્મ વિલોપનની ચિમકી આપતા સ્થાનિક પોલીસે પ્રમુખ સહીત બેની અટકાયત કરી હતી.

મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ આજે વિવિધ જિલ્લામાંથી ફરી એક વાર ગાંધીનગર ઉમટી પડયા હતા. ઘ-૦ ખાતે એકત્રિત થયેલા આ કર્મચારીઓએ

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

● જિલ્લા પંચાયત વિપક્ષના નેતા શકંતુલાબેન પટેલ, ભાજપના શ્રી જયેશ પટેલ, શ્રી નવિનભાઈ પટેલ સાથે વિકાસના પ્રશ્નોના ઉકેલ માટે પંચાયતના અધિકારીઓને મળ્યા હતા.

● ગાંધીનગર મહાનગરપાલિકાના બાયોલોજીસ્ટની જગ્યા જે છેલ્લા ઘણા વર્ષોથી ચાર્જમાં ચાલતી હતી ત્યાં આજે વિભાગીય નિયામક કચેરીના આસિ. એડોમોલોજીસ્ટ શ્રી પટેલને વધારાનો હવાલો સંભાળવા માટેના હુકમો કરાયા છે.

● ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા માર્ગોની સફાઈની સાથે સાથે હવે ધીમી ગતિએ આસપાસના વિસ્તારોની સફાઈ શરૂ કરી છે.

● આજે સરકારી કચેરીઓમાં કર્મચારીઓની હાજરી પાંખી હતી. શનિ-રવિ ઉપરાંત આજની રજા મુકી બુધવાર સુધીની ચાર રજાનું વેકેશન કર્મચારીઓએ માણ્યુ હતુ.

● ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી માધવસિંહજી સોલંકીજી ૮૭ માં જન્મદિન નિમિત્તે શુભેચ્છકો, કાર્યકરો, આગેવાનોને તેમના નિવાસસ્થાન સેક્ટર-૧૯, ગાંધીનગર ખાતે સવારે ૯ થી ૧૨ કલાકે મળશે.

## નગરની કોઈ દુર્લભ તસવીર મોકલી ગાંધીનગરના ૫૦મા જન્મદિવસની ઉજવણીમાં ભાગીદાર બનો

ગાંધીનગર, તા. ૨૮

આગામી તા. ૨ જી ઓગષ્ટના દિવસે ગાંધીનગર શહેરને ૫૦મુ સુવર્ણ જયંતિ વર્ષ બેસી રહ્યું છે. ગાંધીનગરની આ વર્ષગાંઠ નિમિત્તે દરેક નગરવાસીને હરખ ઉભરી આવે તે સ્વાભાવિક છે. આ નગરમાં ઘણા એવા રહેવાસીઓ છે જેઓએ તેમની આંખો સામે નગરના પરિવર્તનને જોયુ છે. ગાંધીનગરના ચાર રસ્તા પરના સર્કલોથી માંડીને બગીચાઓ, મંદિરો, જાહેર સ્થળો, ઈમારતો અને ઐતિહાસિક સ્મારકોમાં આમુલ પરિવર્તન આવ્યું છે. પરંતુ અનેક ગાંધીનગરાઓ પાસે નગરના પ્રારંભિક સમયના સંસ્મરણો હજુ તસવીર સ્વરૂપે સંઘરાયેલા પડ્યા હશે. ગાંધીનગર સમાચાર નગરનો આ સુવર્ણ જન્મોત્સવ અનોખી રીતે ઉજવવા માંગે છે. જે ગાંધીનગરાઓ પાસે નગરના જાહેર સ્થળોની આવી કોઈ દુર્લભ તસવીર પડી હોય તેઓએ તા. ૧લી ઓગષ્ટ સાંજના પાંચ વાગ્યા સુધીમાં પોતાના નામ, સરનામા અને સંપર્ક નંબર સાથે ગાંધીનગર સમચારના કાર્યાલય પર રૂબરૂ અથવા ઈમેલ દ્વારા પહોંચાડવા નમ્ર અપીલ છે. જે નગરવાસીની તસવીર પસંદ પડશે તે ગાંધીનગરના જન્મ દિવસે અમે તેમના નામ સાથે છાપીશુ. કઈ તસવીર પસંદ કરવી તેનો અધિકાર ગાંધીનગર સમાચાર પાસે અબાધિત રહેશે. અમારૂ ઈમેલ એડ્રેસ છે. gandhinagarsamachar@gmail.com

## અમદાવાદ એરપોર્ટના ખાનગીકરણને મંજુરી

અમદાવાદ,તા.૨૮

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે અમદાવાદ વિમાની મથક સહિત છ વિમાની મથકોના ખાનગીકરણને લીલીઝંડી આપી દીધી છે. આયોજન પંચ દ્વારા મૂળભૂતરીતે વિમાની મથકોના ખાનગીકરણ માટેની દરખાસ્ત રજૂ કરી હતી. કમિશને અમદાવાદ વિમાની મથક સહિત છ વિમાની મથકના ઓપરેશન અને મેનેજમેન્ટને ખાનગી ભાગીદારી મારફતે સૂચના આપી હતી. જે છ વિમાની મથકોના ખાનગીકરણને મંજુરી અપાઈ છે તેમાં અમદાવાદ ઉપરાંત જયપુર, ચૈન્નાઈ, કોલકાતા, લખનૌ તથા ગુવાહાટીનો સમાવેશ થાય છે.

## મેડીકલ કોલેજના ડીનને સુપ્રિટેન્ડન્ટનો ચાર્જ સોંપાયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સિવિલ સુપ્રિટેન્ડન્ટ તરીકેનો વધારાનો હવાલો આજે ગાંધીનગર મેડીકલ કોલેજના ડીન ડૉ. અરૂણ વ્યાસને સોંપવાના હુકમો આરોગ્ય વિભાગે કરતાં ડૉ. વ્યાસે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

ગાંધીનગર સિવિલ સુપ્રિટેન્ડન્ટની જગ્યા બે માસથી ખાલી પડી છે પરંતુ રાજ્ય સરકાર દ્વારા આ જગ્યા ભરવામાં આવી નથી. આ જગ્યાનો વધારાનો ચાર્જ રેસિડેન્ટ મેડીકલ ઓફિસર દક્ષાબેન પાસે હતો.

ડૉ. વ્યાસનો આજે વધારાનો હવાલો સંભાળવાના આદેશ કરવામાં આવતાં તેમણે સાંજે જ આ ચાર્જ સંભાળી લીધો છે. ડૉ. અરૂણ વ્યાસ હવે મેડીકલ કોલેજના ડીન ઉપરાંત સિવિલ સુપ્રિટેન્ડન્ટ તરીકેની જવાબદારી પણ સંભાળશે. ગાંધીનગર સિવિલની સેવાઓ સાથે ઉભા થયેલા પ્રસ્થાર્થોને લઈ આ હવાલો સોંપવામાં આવ્યો હોવાનું પણ લોકજીભે ચર્ચાઈ રહ્યું છે.

## ઈદની નમાઝનો સમય

ગાંધીનગર, તા. ૨૮

ઈદઉલફીત્ર નિમિત્તે મુસ્લિમ બિરાદરો ચરેડી ઈદગાહ સહિત વિવિધ મસ્જીદોમાં ઈદની નમાઝ અદા કરશે.

રમઝાન માસ પૂર્ણ થતા ઈદઉલફિત્રની ઉજવણી મુસ્લિમ બિરાદરો ખૂબ ઉલ્લાસપૂર્વક કરશે. સવારે ઈદની નમાઝ વિવિધ સ્થળોએ અદા કરાશે. મુખ્ય નમાઝ ચરેડી ઈદગાહ ખાતે સવારે ૮.૩૦ વાગે અદા કરાશે. જ્યારે સેક્ટર-૨૧ જામા મસ્જિદ ખાતે સવારે ૯.૩૦ વાગે, પેથાપુર ઈદગાહ ખાતે સવારે ૮.૧૫ કલાકે અને સેક્ટર-૫ જકરીયા મસ્જીદ ખાતે સવારે ૮.૩૦ વાગે ઈદની નમાઝ અદા કરાશે.

## નગરના જન્મ દિવસની ઉજવણી અન્વયે આજે સંસ્થાઓની બેઠક

ગાંધીનગર, તા. ૨૮

આગામી તા. ૨ ઓગષ્ટના રોજ ગાંધીનગરના ૫૦મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવશે. જ્યારે આ ઉજવણીમાં પ્રત્યેક નાગરિકો ભાગીદાર બને તેમજ પોતાની રીતે ભાવપૂર્વક જોડાય તે અંગેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગાંધીનગરના જન્મ દિવસની ઉજવણીને વધુ યાદગાર અને પારિવારિક બનાવવાના ઉમદા આશયથી તા. ૨૯ જુલાઈના રોજ બપોરે ૩.૦૦ કલાકે ઈન્ફોસિટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે નગરની સામાજિક, સ્વૈચ્છિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. નગરની તમામ સંસ્થાઓના પ્રતિનિધિઓને આ બેઠકમાં ઉપસ્થિત રહેવા કલ્ચરલ ફોરમ દ્વારા જણાવાયું છે.

## આજે લોકમાતા સાબરમતીની ૧૫૧ દીવાની મહાઆરતી

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ મંગળવાર તા.૨૯ જુલાઈ-૨૦૧૪ શ્રાવણ સૂદ બીજના લોકમાતા સાબરમતી નદીની મહાઆરતીમાં ઉપસ્થિત રહેશે.

સોમનાથ ભૂદરના આરે આવતીકાલે સાંજે ૬-૪૫ કલાકે યોજાનારી ૧૫૧ દીવાની મહાઆરતીમાં ઉપસ્થિત રહેવા જગન્નાથ મંદિર ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રીશ્રીને પાઠવવામાં આવેલા આમંત્રણનો શ્રીમતી આનંદીબહેને સ્વીકાર કર્યો છે અને તેઓ આ મહાઆરતીમાં શહેરીજનોના આનંદોત્સવમાં સહભાગી થશે.


Gujarat State Petronet Limited

Corporate Identity Number: L40200GJ1998SGC035188

Regd Office: GSPC Bhavan, Sector - 11, Gandhinagar - 382 010

Tel: +91-79-66701001 Fax: +91-79-23236477

Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

Pursuant to Clause 41 of the Listing Agreement, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Thursday, the 7th August, 2014, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter ended on 30th June, 2014.

For Gujarat State Petronet Limited

sd/-

Deputy General Manager (S&L)

Place: Gandhinagar

Date: 28th July, 2014



**વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા અંગે**

કુટિર અને ગ્રામોદ્યોગ હસ્તકની ઈન્ડેક્ષ્ટ-સી, ગાંધીનગરની કચેરીમાં વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) / અને વાહન હંકારનારની સેવા પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઓફરો મંગાવવામાં આવે છે. સંસ્થા / પેઢી પાસેથી સીલબંધ કવરમાં 'ટેકનીકલ બીડ' અને 'ફાયનાન્સીયલ બીડ' અલગ-અલગ કવરમાં મંગાવવામાં આવે છે. આ બંને કવર ઉપર સ્પષ્ટ અક્ષરમાં વાંચી શકાય તે રીતે **'વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા માટેના ટેન્ડરનું ટેકનીકલ બીડ' અને 'વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા માટેના ટેન્ડરનું ફાયનાન્સીયલ બીડ'** લખવાનું રહેશે. આ માટેની ટેન્ડર ઈન્ડેક્ષ્ટ-સીની ગાંધીનગર ખાતેની કચેરીએથી જાહેરાત પ્રસિદ્ધ થયેથી કામકાજના દિવસો દરમિયાન (જાહેર રજા તથા રવિવાર સિવાયના દિવસો) **તારીખ : ૮-૮-૧૪ના ૧૬-૦૦ કલાક સુધી** મેળવી આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી **તા. ૧૨-૮-૧૪ના ૧૬-૦૦ કલાક સુધીમાં** સીલબંધ કવરમાં મોકલવાના રહેશે. નોન-રીફંડેબલ ટેન્ડર ફી પેટે રૂ. ૫૦૦/- રોકડા ભરી ટેન્ડર મેળવી શકાશે.

**કાર્યવાહક નિયામક**

**ઈન્ડેક્ષ્ટ-સી, (ઈન્ડસ્ટ્રીયલ એક્સટેન્શન કોટેજ)**

**બ્લોક નં. ૭/૧, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર**

**ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૦૦૫,**

**ફેક્સ નંબર : ૦૭૯-૨૩૨૫૬૦૦૭**

INDEXT-c

માહિતી/૮૪૮/૧૪-૧૫



**જાહેરાત**

**ગાંધીનગર મહાનગરપાલિકા**

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં વર્ષાઋતુ દરમિયાન ઝુંબેશ સ્વરૂપે સઘન સફાઈ કામગીરી માટે દૈનિક રોજમદાર સફાઈ સેવક / મજુરની દૈનિક ધોરણે જરૂરિયાત હોઈ આ કામગીરી માટે ઈચ્છુક વ્યક્તિઓએ નીચે મુજબની સુચના અનુસારની લાયકાતો ધરાવતા હોય તેવા વ્યક્તિઓએ અરજી સાથે તા. ૩૧/૭/૨૦૧૪ના સમયઃ ૮-૦૦ કલાકે નીચે જણાવેલ સ્થળે હાજર થવાનું રહેશે. ગાંધીનગરમાં રહેતી વ્યક્તિઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

(૧) ઉંમર ૧૮ થી ૩૦ વર્ષ અને સશક્ત

(૨) વધુમાં વધુ ધોરણ-૮ સુધી ભણેલા.

(૩) સફાઈને લગતી તમામ પ્રકારની કામગીરી કરવા માટે ઈચ્છુક હોય તેવા.

(૪) સાથે લાવવાના પુરાવા

૧. સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટની નકલ.

૨. ચૂંટણી કાર્ડની નકલ

૩. રહેઠાણના પુરાવાની નકલ

૪. બેંક ખાતા નંબર

**સરનામું :**

**ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી**

**બહુમાળી મકાન, સેક્ટર-૧૧,**

**બી-બ્લોક, પ્રથમ માળ, ગાંધીનગર**

**મ્યુનિસિપલ કમિશનર**

ગાંધીનગર મહાનગરપાલિકા


## રમઝાન ઈદ પ્રસંગે ઈદમૂબારક પાઠવતા મુખ્યમંત્રીશ્રી

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ઈદ-ઉલ-ફિત્ર પ્રસંગે ગુજરાતના મુસ્લિમ પરિવારોને ઈદ મુબારક પાઠવ્યા છે.

રમઝાન ઈદ -સંગે પાઠવેલા સંદેશમાં મુખ્યમંત્રીશ્રીએ શાંતિ અને ભાઈચારાના વાતાવરણમાં ગુજરાતની વિકાસયાત્રા અવિરત આગળ વધતી જ રહી છે અને સૌના સાથ સૌના વિકાસની ભદ્દભાવના સાથે -ત્યેક તહેવારના અવસર આ સામાજિક એકતાને-મિશાલને વધુ સુધ્ઢ બનાવી રહયા છે એમ જણાવ્યું છે.







SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | TATA STEEL • PIPES • SHEETS | BENELAVE BATH FITTINGS | DR.FIXIT | VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com